# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### કષ્ટોથી ડરે નહિ એ ભક્ત સાચો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક સારામાં સારો સંગીતકાર હતો. એનું સંગીત ચારે બાજુ વખાણતું. એ જ્યારે સંગીતના તાલ અને રાગ સાથે કાર્યક્રમ રજૂ કરે ત્યારે સંગીતના જે રસિયા હોય તે તો માથાં ડોલાવી ઉઠે. વાહ.... વાહ..... કરે. આવા સારા ખ્યાતનામ સંગીતકારને એક રાજાએ બોલાવ્યો. અને કહ્યું કે ભાઈ ! તું બહુ સારો સંગીતકાર છે. અને મને પણ સંગીતનો શોખ છે. તો આ ગામમાં જાહેરમાં તારો કાર્યક્રમ રાખવાની ઈચ્છા છે.

રાજાનું આમંત્રણ સંગીતકારે સ્વીકાર્યું પણ એક શરત મુકી. નામદાર ! હું ચોક્કસ સંગીતનો કાર્યક્રમ આપીશ પણ મારી એક શરત છે. એ જો તમે સ્વીકારો તો જ નહીંતર નહીં. રાજાને થયું કે આની વળી શરત કેવી હોય !!! મારે આટલા રૂપિયા જોઈશે કે તેટલા જોઈશે તો એમાં વાંધો નથી. બીજું શું એ માંગી શકવાનો ! એમ વિચારીને કહ્યું કે તારી જે શરત હોય તે બોલ, અમને તે મંજૂર છે.

ત્યારે સંગીતકારે કહ્યું કે નામદાર ! હું જ્યારે સંગીતનો કાર્યક્રમ રજૂ કરતો હોઉં ત્યારે કોઈ પણ માણસ માથું ન ડોલાવે એ મારી શરત છે. આપને મંજૂર હોય તો જ કહો. રાજાને તો આ વાત સામાન્ય લાગી. એમણે તો તરત હા પાડી દીધી. કાર્યક્રમનો દિવસ નક્કી થયો. સમય નક્કી થયો. આ બાજુ રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે આવતી કાલના સંગીતકારના કાર્યક્રમમાં જે કોઈ નગરજનો માથું ડોલાવશે તેને કડકમાં કડક જેલની સજા કરવામાં આવશે. માટે સંગીતના કાર્યક્રમમાં કોઈએ માથું ડોલાવવું નહી. આ જાહેરાત સાંભળીને માણસો વિચારવા લાગ્યા કે બળ્યો સંગીતનો પ્રોગ્રામ. આપણે કાંઈ જવું નથી. ક્યાંક માથું ડોલી જાય ને નકામી જેલની સજા થાય એવા પીપુડાં સાંભળ્યા વગર દુબળા નહીં થઈ જઈએ.

એમાં ખરેખરા સંગીતના રસિયા હતા તેઓ એવું વિચારવા લાગ્યા કે આપણે તો જે થવું હોય તે થાય, કદાચ માથું ડોલી જાય અને જેલની સજા થાય તો ભોગવી લઈશું પણ આવા નિષ્ણાંત, પ્રસિદ્ધ સંગીતકારનો કાર્યક્રમ માણ્યા વિના કેમ જવા દેવાય !!

સમય પ્રમાણે કાર્યક્રમની શરૂઆત થઈ. ઉંચા આસન ઉપર રાજા પોતે આવીને બેઠા અને આખા ગામમાંથી ફક્ત પાંચેક શ્રોતાઓ જ આ કાર્યક્રમમાં આવ્યા અને પ્રોગ્રામ ચાલું થયો. સંગીતકારે તો અજબની કલા બતાવી. એવી રમઝટ બોલાવી કે થોડીવારમાં તો આ પાંચે જણાના માથાં ડોલવા લાગ્યા. એ જોઈને રાજાએ તરત જ હાક મારી અને ફોજદારને બોલાવીને કહ્યું કે શરત પ્રમાણે આ પાંચેયને જેલમાં પુરી દો. ત્યારે સંગીતકારે કહ્યું કે નામદાર ! કોઈને જેલમાં પુરવાની જરૂર નથી. કેમ કે મારૂં નિયમ છે કે જે સાચા રસિયા હોય તેની આગળ જ સંગીતનો કાર્યક્રમ કરવો. તો જે જેલની સજાના ભોગે પણ આ કાર્યક્રમમાં આવ્યા એ સાચા રસિક છે. હું આ પાંચેયને પુરા પ્રેમથી સંગીતકલાનો આસ્વાદ કરાવીશ. અને આ સંગીતકારે પૂરા ભાવથી સંગીત કાર્યક્રમ રજૂ કર્યો.

મિત્રો ! આ વાત વાંચીને શું સમજ્યા ? એક સંગીતકાર પણ જો કસોટી કર્યા પછી જે સાચા રસિયા હોય તેની આગળ જ પોતાનું સંગીત પીરસતો હોય તો જો સાક્ષાત્ પરમાત્માની કૃપાને પાત્ર થવું હોય, તમે ઈચ્છતા હો કે સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તમારા પર ઉતરે તો એના માટે પહેલાં ભગવાન જે કસોટી કરે એ સહન કરવા તૈયાર હશો તો જ પરમાત્માની કૃપા પ્રસન્નતા ઉતરશે.

''સો સો માથાં જાતા રે, સોંઘા છોગાળા.''

જ્યારે ભજન-ભક્તિની બાબતમાં, નિયમ-નિશ્ચયની બાબતમાં જે દુઃખ સહન કરવા તૈયાર હોય, શિર સાટે શ્રીહરિની આજ્ઞા પાળવા તૈયાર હોય તે જ ખરો ભક્ત ગણાય. એવા શૂરવીર ભક્ત ઉપર પ્રભુ સદાય પ્રસન્ન રહે છે. કષ્ટથી ડરી જાય એ ભક્ત કાચો. કષ્ટોને સામો થાય એ ભક્ત સાચો.

## સાચું બોલે તે સુખી થાય

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

એક ગામમાં એક ભાઈ હતો. તેને એક ખોટી ટેવ પડી ગયેલી. અને તે ચોરી કરવાની ટેવ. તેને આ લતમાંથી બહાર કાઢવા તેના ગુરૂએ ઘણા ઘણા ઉપાયો કર્યા પણ લોભ રૂપી દોષના કારણે તેની ચોરી કરવાની આદત તે ભૂલી શક્યો નહીં. અંતે આ શિષ્યનું ભલું થાય તે માટે ગુરુએ તેને કોઈ પણ સંજોગોમાં સાચું બોલવાનું નિયમ આપ્યું અને આ ભાઈ, પણ મક્કમ. તેણે નિયમ લઈ લીધું કે કોઈ પણ સંજોગોમાં હું સાચું જ બોલીશ.

એક દિવસની વાત છે. એકદમ સુમસામ રાત છે. ટીન....ટીન..... ટીન.... ટાવર ઘડિયાળમાં રાત્રીના ૧૨ ના ટકોરા પડ્યા છે. મધ્યરાત્રીમાં આખી નગરી અંધાર પછેડી ઓઢીને સૂતી છે. છુટા છવાયા શેરી કૂતરાના ભસવાના અવાજ સિવાય આખા વાતાવરણમાં સન્નાટો છવાયેલો છે. આવા સમયે આ ચોર મહાશય શેરીમાં આંટા મારી રહ્યો છે. અને ક્યાં ચોરી કરવી તેનો વિચાર કરી રહ્યો છે. તેવામાં એક માણસ સામો મળ્યો. પેલા માણસે સવાલ કર્યો. તું કોણ છે ? આ ચોરે તો સાચો જવાબ આપ્યો કે - ‘‘હું ચોર છું.'' પેલા માણસે પણ પોતાની ઓળખાણ આપી કે - ‘‘હું પણ ચોર છું.'' બંને જણાએ એકબીજા સાથે હાથ મિલાવ્યા. પેલાએ આ ચોરને કહ્યું કે હું ચોરી કરવા નીકળ્યો છું. રાજાના ખજાનાની ને ત્યાં સુધી પહોંચવાના ગુપ્ત રસ્તાની મને ખબર છે. પણ એકલાં જતા બીક લાગે છે. જો તું સાથે આવે તો આજે રાજાના ખજાનામાં જ ચોરી કરીએ. ચોર સંમત થયો. બંને જણ પેલા ગુપ્ત રસ્તાઓથી રાજાના ખજાના સુધી પહોંચી ગયા. થોડી શોધખોળ કરી. તિજોરીની ચાવી શોધી અને તિજોરી ખોલી. આ તિજોરીમાં દુનિયાના અજોડ એવાં કિંમતી ત્રણ રત્નો હતા. બન્નેએ વિચાર કર્યો. રત્નો ત્રણ છે. અને આપણે તો બે જ છીએ. માટે આપણે બે રત્ન જ લઈએ અને એક રત્ન રાજા માટે રહેવા દઈએ. જેથી કોઈ કલહ ન થાય.

આટલા પરિચયમાં તો બંને દોસ્ત થઈ ગયા. પેલા માણસે વાતવાતમાં આ ચોરનું સરનામું જાણી લીધું અને કહ્યું કે ફરી આવી તક મળશે તો તને બોલાવી લઈશ. બન્ને છૂટા પડ્યા. સવારે ૬-૦૦ વાગ્યાના ટકોરે રાજમહેલમાં ભયની સાયરન વાગી. સિપાઈઓ, અમલદારો, અધિકારીઓ બધા આંખો ચોળતા રાજા પાસે હાજર થયાં. રાજાએ તર્ત જ કહ્યું કે સવારે ઉઠતાં જ મેં તિજોરીના દરવાજા ઉઘાડા જોયા છે. તેથી લાગે છે કે દરબારમાં ચોરી થઈ છે. માટે જલ્દીથી તપાસ કરો.

દિવાને તિજોરીવાળા રૂમમાં પ્રવેશ કર્યો. તપાસ કરી તો દાગીના એકદમ સહી સલામત હતા. પણ દુનિયામાં અજોડ એવાં ત્રણ રત્નોમાથી બે રત્નો ઉડી ગયા હતા. દિવાનને રત્નોના મૂલ્યની ખબર હતી તેણે ધીમેથી ત્રીજું રત્ન પોતાના ખિસ્સામાં સરકાવી દીધું. રાજા પાસે આવીને માહિતી આપી કે બધું સહીસલામત છે. પણ દુનિયામાં અજોડ એવા કિંમતી ત્રણ રત્નો ચોરાઈ ગયા છે. રાજાએ તર્ત જ તપાસના હુકમો કર્યા. ખરેખર ચોરની સાથે બીજો માણસ આ રાજા જ હતો. પણ હવે તેને ત્રીજા રત્નની તપાસમાં વધુ રસ હતો. તેણે ગુપ્તચર દ્વારા પેલા સત્યવાદી ચોરનું સરનામું દિવાન પાસે મોકલાવ્યું.

ચોર પકડાયો અને તેને રાજ્યની કચેરીમાં હાજર કરવામાં આવ્યો. સહુ કુતુહલવશ હવે શું થશે તેની રાહ જોઈ રહ્યા છે. રાજાએ ચોરની પૂછપરછ શરૂ કરી. તું ચોર છે ? પેલાએ જવાબ આપ્યો - હા, હું ચોર છું. તેં કેટલા રત્નો ચોર્યા છે ? ચોરે જવાબ આપ્યો. અમે બે ચોર હતા. બંને એ મળીને બે રત્નો ચોર્યા છે. અને એક રત્ન રહેવા દીધું છે. રાજાએ કીધું કે ચોરી કરવા બદલ આકરી સજા થશે તેની ખબર હોવા છતાં તું સાચું કેમ બોલે છે ? ત્યારે ચોરે કહ્યું કે - ‘‘હું મારા ગુરૂને આપેલા વચનથી બંધાયો છું. તેમણે મને સુધારવાના ઘણા પ્રયત્નો કર્યા છતાં હું લાલચથી આ ચોરી છોડી શક્યો નહીં, ત્યારે મારા ગુરૂએ મને સત્ય વચન બોલવાની આજ્ઞા કરી છે, તે હું બરાબર પાળુ છું.'' ચોરે પોતે ચોરી કરેલું રત્ન ટેબલ પર મુક્યું - આ રત્ન મેં ચોર્યું હતું. તે આપની સમક્ષ સમર્પણ કરું છું.

દિવાન પોતાની મોટાઈ બતાવતા કહેવા લાગ્યો કે આ ચોરે એક રત્ન ચોર્યું છે. બની શકે કદાચ બીજો ચોર ફરીથી આવીને કદાચ ત્રીજું રત્ન પણ લઈ ગયો હોય ! તે પણ જલ્દીથી પકડાઈ જશે. બધાના આશ્ચર્ય વચ્ચે રાજાએ

(અનુ. પેજ નં. ૨૬ ઉપર)

બીજું રત્ન ટેબલ પર મુક્યું અને દિવાનને કહ્યું કે દિવાન ત્રીજું રત્ન આપ મુકી દો. રાજાના શબ્દોથી સભામાં જાણે બોમ્બ પડ્યા જેવી પરિસ્થિતિ થઈ ગઈ. દિવાનના ખિસ્સામાં જ ત્રીજું રત્ન હતું તેથી તેનું મોં કાળુમેશ થઈ ગયું. તેણે ત્રીજું રત્ન ટેબલ પર મુકી દીધું.

રાજાએ દરબારમાં આગલી રાત્રે વેશપલ્ટા દરમિયાનની બધી વાત સંભળાવીને પેલા ચોરને તેની સાચું બોલવાની આદતનાં બદલામાં રાજ્યનું મંત્રી પદ સોંપ્યું અને બે જ રત્નો ચોરાયા હોવા છતાં ત્રણ રત્નની ચોરીનું ખોટું બોલવા બદલ દિવાનને જન્મટીપની સજા ફટકારી.

મિત્રો ! જોયું ને ગુરૂના વચનમાં વિશ્વાસ રાખી આ ચોરે ગમે તે ભોગે પણ સાચું બોલવાના નિયમનું પાલન કર્યું તો તેને મંત્રીપદની પ્રાપ્તિ થઈ. પછી તો તેને વિચાર આવ્યો કે  હું ગુરૂના વચને આટલો સુખી થયો તો હવે ચોરી પણ નહીં કરૂં ને સત્યવ્રતનું પાલન પણ અવશ્ય કરીશ. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે - સ્તેન કર્મ ન કર્તવ્ય'' આપણા ઈષ્ટદેવની આજ્ઞાનું જે પાલન કરશે તે ચોક્કસ સુખી થશે.